**માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળની અરજીઓ / અપીલો પરત્વે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ / અપીલ સત્તાધિકારીશ્રીઓએ પાઠવવાના થતાં જવાબ / હુકમમાં તેમનાં નામ / સરનામા / ટેલિફોન નંબરનો ઉલ્લેખ કરવા બાબત.**

**ગુજરાત સરકાર**
સામાન્ય વહીવટ વિભાગ
**પરિપત્ર ક્રમાંક : પરચ-૧૦૨૦૧૨-૭૫-આર.ટી.આઇ. સેલ**
સચિવાલય, ગાંધીનગર
**તારીખ : ૦૫/૦૯/૨૦૧૨**

**વંચાણે લીધા :** સામાન્ય વહીવટ વિભાગનું તા.૨૨/૦૩/૨૦૧૦નું જાહેરનામું ક્રમાંક : જીએસ-૨૧-૨૦૧૦-વીએચએસ-૧૦૦૫-૨૬૬૪-આરટીઆઇ સેલ.

**પરિપત્ર :**

ઉપર વંચાણે લીધેલ આ વિભાગના તા.૨૨/૦૩/૨૦૧૦ ના જાહેરનામાથી ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ પ્રસિદ્ધ કરવામાં આવેલ છે.

૨. માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળની અરજીઓ / અપીલો પરત્વે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીઓ / અપીલ સત્તાધિકારીશ્રીઓ દ્વારા અરજદારશ્રીઓને પાઠવવામાં આવતા જવાબ / હુકમમાં તેમના વિભાગ / કચેરીનું પૂરૂં નામ-સરનામું, સંબંધિત અધિકારીશ્રીનું નામ, ટેલિફોન નંબર વિગેરે બાબતનો ઉલ્લેખ કરવામાં આવતો નથી, તેવી રજૂઆતો નાગરિકો દ્વારા અત્રે કરવામાં આવેલ છે.

3. ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ના નિયમ – ૪ (૧) મુજબ માહિતીનો અધિકાર અધિનિયમ, ૨૦૦૫ હેઠળની અરજી પરત્વે સંબંધિત જાહેર માહિતી અધિકારીશ્રીએ અરજદાર નાગરિકને પાઠવવાના જવાબમાં તેમનું નામ, વિભાગ / કચેરીનું નામ-સરનામું, ટેલિફોન નંબર વિગેરે બાબતોનો અને અરજદાર નાગરિકે પ્રથમ અપીલ કોને કરવાની રહેશે, તે સંબંધિત અપીલ સત્તાધિકારીશ્રીની વિગતોનો ઉલ્લેખ કરવાનો રહે છે. તદ્અનુસાર અપીલ સત્તાધિકારીશ્રીએ પણ પ્રથમ અપીલનાં હુકમમાં તેમનું નામ, વિભાગ / કચેરીનું નામ-સરનામું, ટેલિફોન નંબર વિગેરે બાબતોનો અને તથા બીજી અપીલ કોને કરવાની રહેશે, તેની વિગતોનો ઉલ્લેખ કરવાનો રહે છે. આમ છતાં ગુજરાત માહિતીનો અધિકાર નિયમો હેઠળની જોગવાઇઓનો તમામ માહિંતી અધિકારીશ્રીઓ અને અપીલ અધિકારીશ્રીઓ દ્વારા ચુસ્ત અમલ કરવામાં આવતો નથી પરિણામે અરજદારશ્રીઓને મુશ્કેલી પડે છે.

૪. આથી ગુજરાત માહિતીનો અધિકાર નિયમો, ૨૦૧૦ ની જોગવાઇઓ તરફ તમામ માહિતી અધિકારીશ્રીઓ અને અપીલ અધિકારીશ્રીઓનું ધ્યાન દોરવા અને તેનો ચુસ્ત અમલ થાય તે માટેની અસરકારક કાર્યવાહી કરવા માટે તમામ જાહેર સત્તામંડળોને આથી સૂચના આપવામાં આવે છે.

(બી. સી. પટેલ)
નાયબ સચિવ
સામાન્ય વહીવટ વિભાગ

પ્રતિ,

- માનનીય રાજ્યપાલશ્રીના અગ્ર સચિવશ્રી, રાજભવન, ગાંધીનગર.
- માનનીય મુખ્યમંત્રીશ્રીના અગ્ર સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- તમામ માન. મંત્રીશ્રીઓ / રાજ્ય કક્ષાના મંત્રીશ્રીઓના અંગત સચિવશ્રીઓ / સંસદીય સચિવશ્રીઓ, સચિવાલય, ગાંધીનગર.
- માન. વિરોધપક્ષના નેતાશ્રીના અંગત સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- મુખ્ય સચિવશ્રીના નાયબ સચિવશ્રી, મુખ્ય સચિવશ્રીનું કાર્યાલય, સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત વિધાનસભા સચિવાલય, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત જાહેર સેવા આયોગ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત તકેદારી આયોગ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત માહિતી આયોગ, સેકટર-૧૮, ગાંધીનગર.
- રજીસ્ટ્રારશ્રી, ગુજરાત હાઇકોર્ટ, અમદાવાદ.
- સચિવશ્રી, ગુજરાત મુલ્કી સેવા ટ્રીબ્યુનલ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર.
- સચિવશ્રી, ગુજરાત પંચાયત સેવા પસંદગી મંડળ, અમદાવાદ.
- ડેપ્યુટી ડાયરેક્ટર જનરલશ્રી, સરદાર પટેલ રાજ્ય વહીવટ સંસ્થા, અમદાવાદ.
- સચિવાલયના સર્વે વિભાગો.
  - આ સૂચનાઓ તેમના વહીવટી નિયંત્રણ હેઠળના તમામ જાહેર સત્તામંડળોને તાકીદે પરિપત્રિત કરવા વિનંતી છે.
- સર્વે જિલ્લા કલેક્ટરશ્રી.
- સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી.
- સર્વે જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી.
- સામાન્ય વહીવટ વિભાગની સર્વે શાખાઓ.
- ના.સે.અધિકારીની સિલેક્ટ ફાઇલ.
- શાખા સિલેક્ટ ફાઇલ.

---

- પત્ર દ્વારા